

# રમતગમતમાં ભારતે બાજી મારી

**વર્ષ 2025 ભારતીય રમતોમાં એક મહત્વપૂર્ણ ક્ષણ સાબિત થયું, જેમાં ક્રિકેટ ક્ષેત્રથી લઈને પેરા-એથ્લેટિક્સ ટ્રેક અને બોક્સિંગ રિંગ સુધી - તમામ ક્ષેત્રોમાં અસાધારણ સિદ્ધિઓ જોવા મળી. 2025માં રમતજગતમાં ભારતની સીમાચિહ્નરૂપ સફળતાઓ ફક્ત એકલદોકલ સફળતાઓને નહીં પરંતુ સમગ્ર ભારતના રમત ઇકોસિસ્ટમમાં સતત વૃદ્ધિને પ્રતિબિંબિત કરે છે. આ ઉપરાંત 2025ના વર્ષમાં વૈશ્વિક સ્તરે નોંધાયેલી મહત્વની ઘટનાઓ અને વર્ષ દરમિયાન ગાજેલા વિવાદો, ક્રિકેટર્સની નિવૃત્તિ અને રમતજગતની જાણીતી હસ્તીઓના નિધન સહિતની વિગતો અહીં સમાવી લેવામાં આવી છે**




**3 નવેમ્બર**

## વર્લ્ડકપ જીત ભારતીય મહિલા ક્રિકેટની સીમાચિન્હરૂપ સિદ્ધિ

દાયકાઓથી ચાલતા આવેલા સૌથી ભાવનાત્મક દુષ્કાળમાંથી એકનો અંત કરી ભારતીય મહિલા ટીમે દક્ષિણ આફ્રિકાને રોમાંચક ફાઇનલમાં હરાવીને પોતાનો પહેલો મહિલા ક્રિકેટ વર્લ્ડકપ જીતીને ભારતીય રમતમાં એક સીમાચિહ્નરૂપ સિદ્ધિ અંકે કરી.



**5 જુલાઇ**

## AFC મહિલા એશિયન કપ માટે ક્વોલિફાય

ભારતીય ફૂટબોલ ટીમે એશિયન કપ 2026 ક્વોલિફાયરની અંતિમ કરો યા મરો મેચમાં થાઇલેન્ડને હરાવીને મેરિટના આધારે 22 વર્ષ પછી AFC મહિલા એશિયન કપ માટે ક્વોલિફાય કર્યું.



## દિવ્યા દેશમુખે રચ્યો ઇતિહાસ

દિવ્યા દેશમુખે FIDE મહિલા વર્લ્ડકપની ફાઇનલમાં ભારતની જ કોનેરુ હમ્પીને હરાવીને આ ટુર્નામેન્ટમાં ભારતનું પહેલું ટાઇટલ જીતીને ગ્રાન્ડમાસ્ટર બનનારી ચોથી ભારતીય મહિલા બની.

**20 માર્ચ**

## ટીમ ઇન્ડિયાનો ICC ચેમ્પિયન્સ ટ્રોફીમાં વિજય

ભારતીય પુરુષ ક્રિકેટ ટીમે માર્ચ 2025માં દુબઈમાં ICC ફાઇનલમાં પહેલીવાર ન્યૂઝીલેન્ડને હરાવીને ત્રીજી વખત ICC ચેમ્પિયન્સ ટ્રોફી જીતી હતી.





**7 સપ્ટેમ્બર**

## એશિયા કપ હોકીમાં આઠ વર્ષે ચેમ્પિયન

એશિયા કપ હોકીની ફાઇનલમાં ભારતીય ટીમે કોરિયા રિપબ્લિકને હરાવીને આઠ વર્ષ પછી ચોથીવાર ચેમ્પિયનનો તાજ ધારણ કર્યો.



**29 સપ્ટેમ્બર**

## ભારતનું ફરી એકવાર એશિયા કપમાં પ્રભુત્વ

એશિયા કપ 2025ની ફાઇનલમાં પાકિસ્તાનને હરાવીને વધુ એક ટ્રોફી પોતાની કેબિનેટમાં ઉમેરીને દર્શાવ્યું કે તે એશિયામાં સૌથી પ્રબળ T20I ટીમ છે.



**6 ઓક્ટોબર**

## વર્લ્ડ પેરા એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં રેકોર્ડબ્રેક પ્રદર્શન

વર્લ્ડ પેરા એથ્લેટિક્સમાં ભારતના પેરા-એથ્લીટ્સે ત્રણ ચેમ્પિયનશિપ અને સાત એશિયન રેકોર્ડ સાથે છ ગોલ્ડ, નવ સિલ્વર અને સાત બ્રોન્ઝ મળી કુલ 22 મેડલ જીત્યાં



**24 નવેમ્બર**

## બ્લાઇન્ડ વિમેન્સ ટી-20 વર્લ્ડકપ

**શ્રીલંકામાં આયોજિત પ્રથમ બ્લાઇન્ડ મહિલા T20 વર્લ્ડકપમાં ભારતે ટુર્નામેન્ટમાં અજેય રહી ફાઇનલમાં નેપાળને હરાવીને પ્રથમ બ્લાઇન્ડ મહિલા T20 વર્લ્ડકપ જીત્યો.**



**27 મે**

## IPLમાં કોહલીનો વિરાટ માઇલસ્ટોન

IPLની 18મી સિઝન દરમિયાન ચેમ્પિયન બનેલી RCBનો સ્ટાર ખેલાડી વિરાટ કોહલી ટુર્નામેન્ટમાં 9,000 કેરિયર રન પાર કરનાર પ્રથમ ખેલાડી બન્યો.



**20 ફેબ્રુઆરી**

## મહંમદ શમીની 200 વન ડે વિકેટ

ભારતીય ટીમના ઝડપી બોલર મહંમદ શમીએ ચેમ્પિયન્સ ટ્રોફી દરમિયાન 200 વન ડે વિકેટો સુધી બોલની દૃષ્ટિએ સૌથી ઝડપી પહોંચનાર ફાસ્ટ બોલર બન્યો.




**25 નવેમ્બર**

## મહિલા કબડ્ડી વર્લ્ડકપમાં સર્વોપરિતા

ભારતીય ટીમે શાનદાર પ્રદર્શન સાથે સતત બીજી વખત મહિલા કબડ્ડી વર્લ્ડ કપ 2025 જીત્યો. ટીમ ઈન્ડિયા સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન એક પણ મેચ હારી નહોતી.



**23 નવેમ્બર**

## લક્ષ્ય સેને ઓસ્ટ્રેલિયન ઓપન સુપર 500 ટાઇટલ જીત્યું

**ભારતીય બેડમિન્ટન સ્ટાર લક્ષ્ય સેને જાપાનના યુશી તનાકાને હરાવીને ઓસ્ટ્રેલિયન ઓપન સુપર 500 બેડમિન્ટન ટાઇટલ જીત્યું.**



**31 ઓક્ટોબર**

## એશિયન યૂથ ગેમ્સમાં સફળતા

ભારતના યુવા ખેલાડીઓએ એશિયન યુથ ગેમ્સમાં દેશનું અત્યાર સુધીનું શ્રેષ્ઠ પ્રદર્શન કરી 13 ગોલ્ડ, 18 સિલ્વર અને 17 બ્રોન્ઝ સાથે કુલ 48 મેડલ જીત્યા



**21 ફેબ્રુઆરી**

## રોહિત શર્મા બન્યો વન ડેમાં 11 હજારી

**ભારતીય કેપ્ટન રોહિત શર્માએ 11,000 વન ડે રન પૂરા કર્યા, જે વિરાટ કોહલી પછી બીજા સૌથી ઝડપી માઇલસ્ટોન પર પહોંચનાર બેટ્સમેન બન્યો.**



**21 જાન્યુઆરી**

## ખો-ખો વર્લ્ડકપમાં ભારતનું પ્રભુત્વ

ભારતે નવી દિલ્હીમાં રમાયેલા પહેલા ખો-ખો વર્લ્ડકપમાં પ્રભાવક પ્રદર્શન વડે પુરુષો અને મહિલાઓ બંને ટાઇટલ જીતીને પરંપરાગત રમતના વૈશ્વિક પદાર્પણમાં પ્રભુત્વ જમાવ્યું.

# 2025ની રમત-જગતની મહત્ત્વની ઘટનાઓ



**8 જૂનથી 8 સપ્ટેમ્બર**

## અલ્કારાઝ-સિનર વચ્ચે વર્ષની ત્રણ ગ્રાન્ડસ્લેમ ફાઇનલ

ટેનિસ જગતમાં 2025નું વર્ષ અલ્કારાઝ અને સિનરના વર્ષ તરીકે યાદ કરાશે. આ બંને વચ્ચે વર્ષની સતત ત્રણ ગ્રાન્ડ સ્લેમ ફાઇનલ રમાઇ, જેમાં ફ્રેન્ચ અને યુએસ ઓપન અલ્કારાઝે તો વિમ્બલડનમાં સિનર બાજી મારી.



**07 ડિસેમ્બર**

## સ્મૃતિ મંધાના-પલાશ મુછાલના લગ્ન રદ

સ્મૃતિ મંધાના અને પલાશ મુછાલના લગ્ન પહેલા અચાનક સ્મૃતિના પિતા બિમાર પડતાં તે મુલતવી રહ્યા તે પછી ઘણી વાતો થઇ અને અંતે સ્મૃતિએ લગ્ન રદ કર્યા



**20 માર્ચ**

## ચહલ-ધનશ્રીના છૂટાછેડા

સ્ટાર સ્પિનર યુઝવેન્દ્ર ચહલ અને તેની પત્ની ધનશ્રી વર્માએ છૂટાછેડા લીધા, જે આખુ વર્ષ કોઇને કોઇ કારણસર ચર્ચામાં રહ્યા.



## IPLના મીની ઓક્શનમાં કેમરન ગ્રીન બન્યો સૌથી મોંઘો ખેલાડી

**અબુધાબીમાં યોજાયેલા IPLના મીની ઓક્શનમાં ઓસ્ટ્રેલિયન ઓલરાઉન્ડર કેમરન ગ્રીનને KKRએ રૂ. 25.20 કરોડમાં ખરીદતા તે IPL ઇતિહાસનો સૌથી મોંઘો વિદેશી ખેલાડી બન્યો હતો.**



**16 ડિસેમ્બર**

## IPL મીની ઓક્શનમાં અનકેપ્ડ ખેલાડીને લોટરી લાગી

16 ડિસેમ્બર 30 લાખની બેઝ પ્રાઇસ ધરાવતા ભારતના કાર્તિક શર્મા અને પ્રશાંત વીરને CSKએ મીની ઓક્શનમાં 14.20 કરોડ રૂપિયામાં ખરીદતા આ બંને IPL ઇતિહાસના સૌથી મોંઘા અનકેપ્ડ ખેલાડી બન્યા હતા.